NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

**વંચાણમાં લીધાઃ–**

૧: નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧ તા. ૨૦.૧૦.૨૦૧૫ જે યુનિવર્સિટીના શેરા ક્રમાંકઃ જા.નં. નકૃયુ/રજી/અ.૩.૩./૨૧૨૦૭–૫૬/ તા.૨૭.૧૦.૨૦૧૫

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ઠરાવ અનુસાર રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણુંક પામેલ કર્મચારીઓને ફીકસ પગાર પર **''ખાસ ભથ્થુ ''** તા. ૧.૧૦.૨૦૧૫ ની અસરથી આપવાનું ઠરાવવામં આવેલ છે. અત્રેની યુનિવર્સિટીમાં જુદી જુદી યોજનાઓમાં ફીકસ પગાર પર ફરજ બજાવતા કર્મચારીઓને ચુકવવાનાં થતા **''ખાસ ભથ્થા''** ની માહિતી તેમજ હિસાબો વ્યવસ્થિત રહે તે માટે ઈઆરપી સોફટવેરમાં એચઆરએમએસ પગાર મોડયુલનાં પેરોલનાં અર્નીગ હેડમાં અનુક્રમ નંબર–૧૧ માં F.Pay S.Allow ( Fix Pay Special Allowance) કોડ ઉમેરવામાં આવેલ છે તેમાં ખાસ ભથ્થાની માહિતી ઠરાવમાં જણાવ્યા અનુસાર માહે નવેમ્બર–૨૦૧૫ ના માસના રેગ્યુલર પગારબીલેથી કરવાનો રહેશે.

વધુમાં ઈઆરપી સોફટવેરમાં ( Fix Pay Special Allowance) માં થયેલ ખર્ચ અંગેની માહિતી મળી રહે તે માટે ફાઈનાન્સીયલ મોડયુલમાં પગારભથ્થા કેટેગરીમાં કોડ નંબર– P35 (fix Pay Special Allowance) માં ખતવણી કરી બીલો રજુ કરવાનાં રહેશે.

ઉપરોકત પરિપત્ર હિસાબોની સરળતા ખાતર યુનિવર્સિટીનાં કામકાજનાં હીતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/વવહિઅધિ/બી.૭.૧/ ૪૭૪૦ /૧૫
નવસારી.તારીખઃ–૧૭–૧૧–૨૦૧૫.

હિસાબ નિયામક

નકલ સવિનય રવાનાઃ

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રી તરફ

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારુ.

૩: તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી તરફ જાણ તથા ઘટતુ થવા સારુ.